B
A
O
U


# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

"જ્યોર્તિમય" પરિસર,

શ્રી બાલાજી મંદિરની સામે, સરખેજ-ગાંધીનગર હાઈવે,

છારોડી, અમદાવાદ-૩૮૨ ૪૮૧

E-mail: feedback@baou.edu.in Website : www.baou.edu.in


## સત્રીયકાર્ય જાન્યુઆરી – ૨૦૧૬

## સ્નાતક પદવી અભ્યાસક્રમ: (BDP)

# FGT-01

**પાઠયક્રમ શીર્ષક**

**ગુજરાતીનો આધાર પાઠયક્રમ:- FGT-01**

**અભ્યાસકેન્દ્રને સોંપવાની છેલ્લી તારીખ :- 30/06/2016**

નોંધ :- વિદ્યાર્થીઓએ નિયત સમય મર્યાદામાં સ્વાધ્યાયકાર્યો અભ્યાસકેન્દ્ર પર જમા કરાવવા તેમજ મૂલ્યાંકન થયા બાદ મૂલ્યાંકન પત્રક સાથે અભ્યાસ કેન્દ્ર પરથી પરત અવશ્ય લેવું.

:-જમા કરાવવાની છેલ્લી તારીખ :- **30/06/2016**પછી વિદ્યાર્થીઓ દ્વારા મોકલાવેલ સ્વાધ્યાયકાર્ય સ્વીકારવામાં આવશે નહી.

## સત્રીયકાર્ય માટે આવશ્યક સૂચનાઓ

**પ્રિય વિદ્યાર્થી મિત્રો**

દૂરવર્તી શિક્ષણમાં અભ્યાસ માટે દરેક અભ્યાસક્રમમાં પાઠયક્રમ દીઠ સ્વાધ્યાયકાર્યો રજૂ કરવા ફરજીયાત છે. આ યુનિવર્સિટીમાં વર્ષ ૨૦૦૮ સુધીના પ્રવેશાર્થીઓ માટે B.A./B.Com ના પ્રથમ વર્ષ, બીજા વર્ષ તેમજ ત્રીજા વર્ષના તમામ અભ્યાસક્રમ/પાઠયક્રમમાં ચાર ક્રેડિટના પાઠયક્રમમાં બે અને આઠ ક્રેડિટના પાઠયક્રમમાં ત્રણ સ્વાધ્યાયકાર્યો તૈયાર કરવાનો નિયમ હતો. એકેડેમીક પ્લાનીગ બૉડની (A.P.B.મંજૂરીથી) ઓગષ્ટ-૨૦૦૯ થી પાઠયક્રમ દીઠ એક-એક સ્વાધ્યાયકાર્ય રજૂ કરવાની નવી પદ્ધતિ શરૂ થયેલ છે. તેથી આપને પાઠયક્રમ દીઠ એક-એક સ્વાધ્યાયકાર્ય જે અભ્યાસ કેન્દ્ર પરથી મેળવવાના હોય અને તેને નિશ્ચિત થયેલ છેલ્લી તારીખમાં સ્વ-અધ્યયનના આધારે તૈયારી કરી, પોતાના અભ્યાસ કેન્દ્ર પર જમા કરાવવાના રહેશે. દરેક સ્વાધ્યાયકાર્ય માટે ૧૦૦ ગુણ નિશ્ચિત છે. જેમાં પાસ થવા માટે ૩૬ ગુણ જરૂરી છે. પરિણામમાં તેનો ભારાંક ૩૦% છે.

આ સત્રીયકાર્યનો મુખ્ય ઉદ્દેશ્ય પરીક્ષા માટેની પૂર્વ તૈયારી છે. સત્રીયકાર્યમાં પૂછવામાં આવેલ પ્રશ્નોનું માળખું પરીક્ષાના પ્રશ્નપત્રો જેવું હોય છે. પ્રશ્નોના જવાબમાં અભ્યાસ સામગ્રીનું પુનરાવર્તન કરવાનું નથી હોતું. તમે વાંચનથી જે શીખ્યા છો, જે સમજ્યા છો, તે પોતાની ભાષામાં લખવાનું હોય છે. જેથી તમે સ્વાધ્યાયકાર્યો તૈયાર કરવાની કામગીરી ગંભીરતાથી કરશો. તમારે પાઠયક્રમના સ્વાધ્યાયકાર્યોમાં પૂછવામાં આવેલ પ્રશ્નોના જવાબ લખતા પહેલા પ્રથમ પાના ઉપર **નીચે મુજબની માહિતી લખવી જરૂરી છે.**

જવાબ માટે કેવળ(ફક્ત) ફૂલસ્કેપ કાગળનો જ ઉપયોગ કરો અને તે કાગળોને વ્યવસ્થિત બાંધવા

દરે જવાબના પહેલા પ્રશ્ન સંખ્યા આવશ્યક (ફરજિયાત) લખો.

સ્વહસ્તાક્ષર માં જવાબ લખો.

નોંધ :- સત્રાંત પરીક્ષા આપતા પહેલા સ્વાધ્યાયકાર્યો જમા કરાવવા ફરજિયાત છે.

અન્યથા (નહિતર) પરીક્ષા આપવામાં આવશે નહીં.

નોંધણી નંબર:-____________________

પૂરું નામ :- ____________________

સરનામું :- ____________________

મોબાઈલ નં :- ____________________

તારીખ :- ____________________

અભ્યાસક્રમ :- ________________________

પાઠયક્રમ :- ________________________

સ્વાધ્યાય સંખ્યા:-________________________

અમે ઈચ્છીએ છીએ કે તમે દરેક સત્રીયકાર્ય અલગ અલગ ચોપડામાં સુંદર ભાષામાં ઉપર દર્શાવેલ મુજબની માહિતી સાથે છેલ્લી તારીખ પહેલા અભ્યાસ કેન્દ્ર પર મોકલી આપશો.

જૂના વિદ્યાર્થીઓ (૨૦૦૮ સુધીના) માટે જૂની પધ્ધતિના સ્વાધ્યાયકાર્યો યુનિવર્સિટીની વેબસાઈટ પર ઉપલબ્ધ છે. જે ધ્યાને લેવું.

**શુભેચ્છા સહ**

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

**પાઠયક્રમ કોડ :- FGT-01:-ગુજરાતીનો આધાર પાઠયક્રમ**

**સત્રીયકાર્ય કોડ :- FGT-01/AST-01/TMA/2016**

**(તમામ પાઠયસામગ્રી પર આધારિત)**

**અભ્યાસ કેન્દ્રને સોંપવાની છેલ્લી તારીખ :- 30/06/2016** **(કુલ ગુણ:-100)**

**વિભાગ- ક વિવરણાત્મક શ્રેણીના પ્રશ્નોના જવાબ ૧૫૦૦ શબ્દોમાં આપો. (2X20=40)**

પ્રશ્ન-૧ 'જક્ષણી' પ્રસન્ન દામ્પત્ય જીવનનું નિરૂપણ કરતી હાસ્યપ્રધાન ટૂંકીવાર્તા છે ____ આવિધાનની વાર્તાને ધ્યાનમાં રાખી વિસ્તૃત ચર્ચા કરો.

**અથવા**

"દેશનો ઉત્કર્ષ સત્ય અને અહિંસાના માર્ગેજ થઈ શકે."- આ વિધાનની સમજ આપી, ગાંધીજીએ શીખવેલી કઈ બાબતો પર નેહરૂજી વધારે ભાર મૂકે છે તે જણાવો.

પ્રશ્ન-૨ (A) આપણી સાંસ્કૃતિક એકતા તેમજ વિવિધતા અંગે કિશોરલાલ મશરૂવાળાની ચિંતનવાણીનો ટૂંકમાં પરિચય કરાવો.

(B) 'બંસી કાહેકો બજાઈ?'ના આધારે ભદ્ર અને દલિત વર્ગના મનુષ્યો વચ્ચેનાં સંબંધની મધુરતા ટૂંકમાં જણાવો.

**અથવા**

'ચોરાનો પોકાર' નિબંધમાં રજૂ થયેલી મેઘાણીનાં વિચારોની તલસ્પર્શી સમીક્ષા કરો.

**વિભાગ-ખ મધ્યમશ્રેણીના જવાબ ૧૦૦૦ શબ્દોમાં આપો (ગમેતે બે) (2X15=30)**

(૧) 'બંસી કાહેકો બજાઈ' માં ઉપસતુ ગુલબ્બોનું પાત્રાલેખન

(૨) સ્પર્શ ધ્વનિઓનું વિસ્તૃત વર્ગીકરણ આપો.

(૩) ગુજરાતી જોડણીના સંદર્ભમાં લિપિગત મુશ્કેલીઓની ચર્ચા કરો.

(૪) સત્યાગ્રહી તરીકે ગાંધીજીનું વ્યકિતત્વ

**વિભાગ-ગ નીચે આપેલા પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો. (ગમેતે ચાર) (4X5=20)**

(૧) 'ખાંડણિયામાં માથાંરામ' માં રજૂ થયેલ દુષ્કાળનું ચિત્ર.

(૨) લોકશાહીમાં સામુહિક સત્યશોધનનું મહત્વ સમજાવો.

(૩) ગુજરાતી ભાષાનું શબ્દ ભંડોળમાં સમવિષ્ટ ભાષાના શબ્દો.

(૪) વૃક્ષોને સાંપ્રત સમયમાં 'શીવ' સાથે કેમ સ્વીકારવામાં આવે છે.

(૫) વિજ્ઞાનનું આપણા નિત્ય જીવનમાં મહત્વ

**વિભાગ-ઘ માગ્યા પ્રમાણે જવાબ લખો (ગમેતે દસ) (1X10=10)**

**(૧) દબુચંદ શેઠ બબ્બે લગ્ને પણ નિઃસંતાન છે. - સાચુ કે ખોટું**

(૨) ‘કલ્યાણ કામનો અતિથિ’ મૂળ કયા અને કોના નાટકમાંથી લેવામાં આવેલો નાટયાંશ છે ?

(૩) “વૃક્ષ એ જાણે, રૂપ રંગરસનો લહેરાતો સાગર છે” _______ અલંકાર ઓળખાવો.

(૪) સત્યનિષ્ઠા એ વિજ્ઞાનનું હાર્દ છે. – સાચુ કે ખોટું

(૫) વિરૂધ્ધાર્થી શબ્દો આપો. (૧) અનુગામી (૨) સગવડ

(૬) ‘આકાશ તૂટી પડયું’ – રૂઢિપ્રયોગનો અર્થ આપો.

(૭) મનુષ્યનું મનુષ્યત્વ __________ માં પૂરેપૂરુ ખીલે છે. (કુંટુંબ, રાજય, સમાજ)

(૮) વ્યકિતત્વનો વિકાસ એટલે તેનામાં રહેલી ________ નો વિકાસ.

(ધાર્મિક ભાવનાઓ, મહત્વકાંક્ષાઓ, સુષુપ્ત શકિતઓ)એસ્પેરેન્ટો એ ________ ભાષાનું નામ છે.

i. અમેરિકાની મૂળ પ્રજા દ્વારા બોલાતી
ii. પ્રાચીન સમયમાં રોમમાં બોલાતી
iii. વિશ્વભાષા તરીકે પ્રયોજાયેલી

(૯) ભારતની સાંસ્કૃતિક પરંપરામાં _________ નો ખૂબ મહિમા છે.
(શરીરબળ, શબ્દશકિત, રાજ સત્તા)

(૧૦) યુરોપમાં એક કાળે __________ભાષાનો ખૂબ મોટો પ્રભાવ હતો.
(અંગ્રેજી, ડેનિશ, લૅટિન)

(૧૧) લેખકનાં મતે પત્રકારત્વ એક _________ ગણાવો જોઈએ.
(ધંધો, ધર્મ, કસબ)

FGT-01